INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૪-૨-૨૦૨૪**

બહુમતિના જોરે દેશની બંધારણીય સંસ્થાને નબળા પાડવાનું કામ કરી રહેલ કેન્દ્રની મોદી સરકારની તાનાશાહી સામે 'દેશ બચાવવા-સંવિધાન બચાવવા લોકતંત્ર બચાવો' માટે ઈન્ડીયા ગઠબંધનના નિર્ણય અંગે પત્રકારો સાથે વાતચીત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, બંધારણીય સંસ્થાને નબળી પાડવાનું કામ સતત થઈ રહ્યું છે. લોકતંત્ર અને સંવિધાન બચાવવા, દેશની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ખુલ્લા મને ગઠબંધનને આખરી ઓપ અપાયો છે. અનેક વચનો-વાયદો આપીને સત્તામાં આવનાર ભાજપા દેશની જનતાને અસહ્ય મોંઘવારી, બેરોજગારી આસમાને, ખેડૂત, ખેતીને પારાવાર મુશ્કેલી સહિત આર્થિક મોરચે સદંતર નિષ્ફળ નીવડેલી ભાજપા સરકાર માત્ર દેશની જનતાના 35 થી 40 ટકા જ મત મેળવીને સત્તા પર આવી છે, જ્યારે દેશની 55 થી 65 ટકા જનતાએ ભાજપા વિરૂધ્ધ મતદાન કરેલ છે ત્યારે, મતોનું વિભાજન થતુ અટકાવવા માટે ગઠબંધન જરૂરી હતું. રાષ્ટ્રિય નેતૃત્વે સમગ્ર દેશને ધ્યાને લઈ નિર્ણય કર્યો છે. રાષ્ટ્રીય કક્ષાના ગઠબંધનને અમે આવકારીએ છીએ, ગુજરાત કોંગ્રેસ ગઠબંધન ધર્મને ન્યાય આપશે અને કોંગ્રેસ લોકસભાની ચૂંટણીમાં મજબુતિથી લડત આપશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાતના 244 તાલુકામાં કાર્યકર સંવાદ સંમેલન અને જનઅધિકાર પદયાત્રા યોજી જેમાં જનતાના સ્થાનિક પ્રશ્નોને વાચા આપવામાં આવી હતી. 26 લોકસભા બેઠકો માટે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનો અને સ્થાનિક આગેવાનો - પદાધિકારીઓ - કાર્યકરો સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. ગુજરાત કોંગ્રેસના આગેવાનો, પદાધિકારીઓ અને સ્થાનિક કાર્યકરોએ અભિપ્રાય જરૂર આપ્યો હતો. પણ રાષ્ટ્રિય નેતૃત્વ એ આપેલો ગઠબંધનનો નિર્ણય દેશહિતમાં કરવામાં આવ્યો છે જેને કોંગ્રેસના કાર્યકરોને સ્વીકાર્ય છે.

સત્તાના અહંકારમાં વ્યસ્ત અને મસ્ત રહેતા ભાજપાના પ્રદેશ અધ્યક્ષે માધ્યમો સાથે વાતચીતમાં "લંગડા, બહેરા, આંધળા," જેવા શબ્દો એ દિવ્યાંગોનું સૌથી મોટું અપમાન હોવાની આકરી પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપાની સરકાર દિવ્યાંગોનો હક્ક અને અધિકાર છીનવવાનું કામ કરી રહી છે. સરકારી નોકરીઓમાં પણ દિવ્યાંગોને મળતા અધિકારો છીનવવામાં આવી રહ્યાં છે. દિવ્યાંગોને મળવાપાત્ર સન્માન સાથે રોજગારથી વંચિત રાખવામાં આવી રહ્યાં છે. ભાજપા શાસીત કોર્પોરેશન-નગરપાલિકાના સતાધીશો હોકર્સ પોલીસી હેઠળ રોજગાર કરવામાં અડચણો ઉભી કરીને દિવ્યાંગોને સન્માન સાથે જિંદગી જીવવાનો અધિકાર પર તરાપ મારી રહી છે. ત્યારે, ભાજપા અધ્યક્ષના અપમાનજનક શબ્દોએ હજારો દિવ્યાંગ પરિવારોને ભારે દુઃખ પહોંચાડ્યું છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા